# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૬/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,
(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરે અમદાવાદ ખાતે કેન્દ્રીય નાણામંત્રી અને અધિકારીઓ સમક્ષ ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રીના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ભારપૂર્વક રજૂઆતો કરી

સુરતઃ અમદાવાદ ખાતે સરકીટ હાઉસમાં આજરોજ કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલાબેન સીથારમણ, ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી શ્રી અજય પાંડે, ગુજરાત સરકારના ચીફ સેક્રેટરી ડો. જે.એન. સિંઘ, રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી એમ.કે. દાસ, ઉદ્યોગ કમિશનર શ્રીમતી મમતા વર્મા તથા અન્ય અધિકારીશ્રીઓની સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ તથા રાજયના માત્ર ૧૫ જેટલા અગ્રણી ઉદ્યોગપતિઓની એક મહત્વની બેઠક મળી હતી. જેમાં ચેમ્બર દ્વારા ઇન્ડસ્ટ્રીઝના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે દેશના નાણામંત્રી તથા અન્ય અધિકારીશ્રીઓ સમક્ષ ચેમ્બર દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે સુરતમાં ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં મોટાભાગે એમએસએમઇ યુનિટો આવેલા છે. આ બંને ઈન્ડસ્ટ્રીને લીકવીડિટીનો પ્રશ્ન હાલ સતાવી રહયો છે. આથી ઇન્ડસ્ટ્રી કપરા સમયમાંથી પસાર થઇ રહી છે. સરકાર દ્વારા ટફ સબસિડીનો લાભ આપી ક્રેડીટ લેપ્સનું રીફંડ આપવામાં આવશે તો જ બધી ઇન્ડસ્ટ્રીઝ બચી શકશે.

ચેમ્બરે એવી પણ રજૂઆત કરી હતી કે, ડાયમંડ ઇન્ડસ્ટ્રીમાં બેંકો દ્વારા હીરા ઉદ્યોગકારોને લોન આપવાનું બંધ કરી દેવામાં આવ્યુ છે. જયારે મોટાભાગના ઉદ્યોગકારોની લોનની ૩૦થી ૪૦ ટકાની મર્યાદાને ઘટાડી દેવામાં આવી છે. આથી ખૂબ જ કપરા સમયમાંથી પસાર થઇ રહેલા હીરા ઉદ્યોગને ટકાવી રાખવા માટે સરકાર દ્વારા બેંકોને તાત્કાલિક ધોરણે હીરાના ઉદ્યોગકારોને લોન આપવા માટે સૂચના આપવામાં આવે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ પ્રોસેસર્સ માટેના રીફંડના મામલે પણ રજૂઆત કરવામાં આવી હતી. ટેક્ષ્ટાઇલના જોબવર્કમાં ૬૫ ટકા સપ્લાય ઓફ સર્વિર્સિસ અને ૩૫ ટકા સપ્લાય ઓફ ગુડ્ઝ છે. આ અંગે નાણામંત્રીશ્રી તેમજ અધિકારીશ્રીઓનું ઘ્યાન દોરવામાં આવ્યુ હતુ અને આ મામલે જીએસટીમાં સરળીકરણ લાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી.

સરકારે એમએસએમઇમાં ઉદ્યોગકારોને માત્ર એક કલાકમાં લોન આપવાનો નિયમ બનાવ્યો છે પરંતુ કેટલીક બેંકો દ્વારા આ નિયમનું યોગ્ય રીતે પાલન થતુ નથી. બેંકો બધા ઉદ્યોગકારો સાથે અલગ – અલગ રીતે વતર્ન કરે છે. આથી એકજ ક્રાઇટેરીયા નકકી કરીને ઉદ્યોગકારોને સરકારે બનાવેલા નિયમ મુજબ લોન મળી રહે તે માટે બેંકોને સરકાર દ્વારા સૂચના આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.